# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ડિપ્લોમાથી ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ની ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટીંગ, એનરોલમેન્ટ રદ થવાના કારણે તથા રાઉન્ડ-૧ અપગ્રેડેશન બાદ ખાલી રહેલી તમામ બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. આવી ખાલી રહેલ બેઠકો માટે પ્રવેશ લેવા માંગતા ઉમેદવારોએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી જગ્યાઓ ઉપર નીચે મુજબના અગ્રતાક્રમ પ્રમાણે ઉમેદવારની પસંદગી કરી સંસ્થાઓએ સંસ્થા સ્તરે કાર્યરીતીને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૬ નો ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીનો તબક્કા-૧ નો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો. (૨) જુલાઈ-૨૦૧૬ બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા પરીણામો મોડા જાહેર થવાના કારણે પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારો (૩) પ્રવેશપાત્રતા ધરાવતા કે જેઓએ લાયકી પરીક્ષા જુલાઈ-૨૦૧૫ પહેલા ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી B. Sc ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો. ૧૨ (વિ.પ્ર.) ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૫) અન્ય રાજ્યમાંથી માન્ય સંસ્થાઓમાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારો. (ગુજરાત રાજ્ય Domicile ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે.) આવા ઉમેદવારોએ (૧) અત્રેની પ્રવેશ સમિતિની વેબસાઈટ તથા જે-તે સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ જુજ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ નિયત ફી રૂા. ૩૫૦/- રોકડા ચૂકવ્યેથી પ્રવેશ ફોર્મ મેળવી તે જ સંસ્થા ખાતે ભરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

ઉપરોક્ત ક્રમાંક (૧) મુજબના વિદ્યાર્થીઓએ www.gujacpcadm.nic.in પોતાના એકાઉન્ટમાં જઈ Login થઈ ઓનલાઈન કન્સેન્ટ આપવાની રહેશે. આ વિદ્યાર્થીઓએ PIN ખરીદવાનો રહેશે નહી. ઉપરોક્ત (૨), (૩), (૪) અને (૫) ક્રમાંક મુજબના વિદ્યાર્થીઓએ દેના બેંકની નિર્ધારીત શાખામાં જઈ રોકડા રૂા. ૩૫૦/- (નોન રીફન્ડેબલ) ચૂકવી PIN ખરીદવાની રહેશે. PIN ખરીદ્યા બાદ www.gujacpcadm.nic.in ઉપર જઈ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી ડૉક્યુમેન્ટ જોડી જે તે સંસ્થા ખાતે નિયત સમયમર્યાદામાં પ્રવેશ મેળવવા માગતા હોય તે સંસ્થા ખાતે જમા કરાવવાનું રહેશે. ઉપરોક્ત ક્રમાંક (૧) થી (૫) માં દર્શાવેલ દરેક ઉમેદવારે ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ લેવી ફરજીયાત છે. દેના બેંકની નિર્ધારીત બૅંકની માહિતી વેબસાઈટ www.jacpcldce.ac.in ની Diploma to Degree લીંકમાં મુકવામાં આવેલ છે.

ખાલી રહેલી બેઠકોમાં પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

| નંબર | વિગત | તારીખ |
|---|---|---|
| ૦૧ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર પ્રસિદ્ધિ. | ૧૬-૦૯-૨૦૧૬ |
| ૦૨ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકો માટે પીનની વહેચણી નિર્ધારીત કરેલી દેના બેંકની શાખામાંથી (બેંકના સમયગાળા દરમ્યાન) | ૧૬-૦૯-૨૦૧૬ થી ૧૭-૦૯-૨૦૧૬ |
| ૦૩ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકો માટે ઓનલાઈન કન્સેન્ટ/રજીસ્ટ્રેશન | ૧૬-૦૯-૨૦૧૬ થી ૧૮-૦૯-૨૦૧૬ |
| ૦૪ | ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે મેરીટ બનાવી સંસ્થાના નોટીસ બોર્ડ કે, વેબાસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરી ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે બેઠકોની ફાળવણી | ૧૯-૦૯-૨૦૧૬ થી ૨૦-૦૯-૨૦૧૬ |

પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશ નહીં, જેની નોંધ લેવી. ઉપરોક્ત વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રીપોર્ટીંગ કરાવવાનું રહેતું નથી. જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો ઉપર **જે વિદ્યાર્થી નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કે કન્સેન્ટ આપેલ હશે નહીં તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહીં.** અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે. **જે ઉમેદવાર એક કરતા વધારે સંસ્થામાં ફોર્મ જમા કરાવવા માગતો હોય તેમણે રજીસ્ટ્રેશન ફોર્મની ફોટો કોપી કરાવી ઉપયોગ કરવાનો રહેશે. દરેક સંસ્થા માટે અલગ અલગ PIN ખરીદવાનો રહેશે નહી.**

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ની Diploma to Degree લીંકમાં જઈ વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૧૪-૦૯-૨૦૧૬** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**